# જ્યારે પ્રકૃતિ આપણને આપણી હદ યાદ કરાવે

નેપાળની પહાડીઓમાંથી આવેલી તસવીરો જોવી સહેલી નથી. પાણીની એક એવી તોતિંગ દિવાલ, જેમાં માટી, પથ્થર, બરફ અને કાટમાળ બધું જ એકસાથે ધસમસતું નીચે આવ્યું; જંગલો ધસી ગયાં, રસ્તાઓ ગાયબ થઈ ગયા, પુલો તૂટી પડ્યા, ઘરો અને વાહનો જાણે કોઈએ ઉખાડીને ફેંકી દીધાં હોય તેમ ક્યાંકના ક્યાંક પહોંચી ગયા.



26 ઓગસ્ટે નેપાળ-તિબેટ સરહદ નજીક આવેલા આ વિનાશક પૂરમાં 160થી વધુ લોકોનાં મૃત્યુ થયાં હોવાના પ્રારંભિક અહેવાલો છે અને સેંકડો લોકો હજુ લાપતા છે. શરૂઆતમાં જેને ભારે વરસાદનું પરિણામ માનવામાં આવતું હતું, તેના કરતાં આ ઘટનાનું સ્વરૂપ જુદું હોવાનું નિષ્ણાતોના વિશ્લેષણમાં સામે આવ્યું છે; ઊંચાઈ પર ગ્લેશિયરનો એક ભાગ તૂટ્યો અને તેના કારણે માટી, બરફ, પાણી, પથ્થર અને કાટમાળનો ભયાનક પ્રવાહ માનવ જીવન પર ધસી આવ્યો.

કદાચ એટલા માટે કે આવા 'વગર જોઈતા' દુઃખને સ્વીકારવાનું માણસ માટે બહુ મુશ્કેલ હોય છે. પરંતુ દરેક દુર્ઘટનાનો કોઈ અર્થ નથી હોતો. ક્યારેક પહાડ ફક્ત તૂટી પડે છે. બરફ ફક્ત સરકી પડે છે. પાણી પોતાના માર્ગમાં આવતી દરેક વસ્તુને તાણી જાય છે. તેમના માટે શું જંગલ અને શું સમાજ! પ્રકૃતિને આપણી નૈતિક ભાષાની જરૂર નથી હોતી. તે ન તો ક્રૂર છે, ન દયાળુ. તે આપણા પ્રત્યે બેપરવા છે. એ એવી રીતે જ શહેરમાં આવી જાય છે, જેવી રીતે તે જંગલમાં રહેતી હોય છે. અને કદાચ આ હકીકત સ્વીકારવી એ જ વિનમ્રતાની પહેલી સીડી છે.

**ફાયરવોલ**
**રાજ ગોસ્વામી**

સદીઓથી માણસ પ્રકૃતિને સમજવાનો પ્રયત્ન કરતો આવ્યો છે. આધુનિક યુગમાં તો તેણે પ્રકૃતિને નિયંત્રિત કરવાનો ભ્રમ પણ પાળી લીધો છે. પહાડો તોડીને રસ્તાઓ બનાવ્યાં, નદીઓ પર પુલો બાંધ્યાં છે, હવામાનની આગાહી કરવા માટે ઉપગ્રહોને અંતરીક્ષમાં મોકલ્યા છે, બરફની હિલચાલ સમજવા માટે અત્યાધુનિક સાધનો ઊભાં કર્યાં. આ બધું માનવબુદ્ધિની અદ્ભુત સિદ્ધિ છે.

પરંતુ આ સિદ્ધિઓનો અર્થ એ નથી કે આપણે પ્રકૃતિ પર વિજય મેળવી લીધો છે.

નેપાળની આ ઘટના આપણને એક સાથે બે વાત યાદ અપાવે છે; આપણી સંસ્કૃતિ કેટલી શક્તિશાળી છે અને તે સાથે જ કેટલી નાજુક પણ છે. એક ગ્લેશિયરનો ટુકડો તૂટી પડવાથી સર્જાયેલી કુદરતી શક્તિ એવી ખતરનાક હોય છે કે વર્ષોની મહેનતથી ઊભું કરેલું ઈન્ફ્રાસ્ટ્રક્ચર થોડી મિનિટોમાં નાશ પામે છે.

**વૈજ્ઞાનિકો લાંબા સમયથી કહી રહ્યા છે કે હિમાલયના ગ્લેશિયરો ઝડપથી બદલાઈ રહ્યા છે અને વધતું તાપમાન ઊંચાઈવાળા વિસ્તારોમાં બરફ તથા જમીનને વધુ અસ્થિર બનાવી રહ્યું છે**

આવી વિનમ્રતા એટલે હાર માની લેવી એમ નહીં. પ્રકૃતિ સામે માથું નમાવવું અને પ્રકૃતિ સામે હાથ ઊંચા કરી દેવા, તે બે જુદી બાબતો છે.

નિયતિવાદ કહે છે; 'જે થવાનું હતું એ થઈ ગયું. માણસ કરી પણ શું શકે?' વિનમ્રતા કહે છે; 'બધું આપણા નિયંત્રણમાં નથી, પરંતુ જે કંઈ આપણા હાથમાં છે તેની જવાબદારી આપણે પૂરી નિષ્ઠાથી નિભાવવી જોઈએ.'

નેપાળની આ દુર્ઘટનાને સમજવાનો કદાચ આ સૌથી માનવીય રસ્તો છે.

જો કોઈ પહાડનો ભાગ તૂટી પડે તો આપણે તેને આપણા આદેશથી તેને રોકી શકતા નથી. પરંતુ શું આપણે આવાં જોખમને અગાઉથી ના ઓળખી શકીએ? શું વધુ સચોટ ચેતવણી-વ્યવસ્થા ના ઉભી કરી શકીએ? શું એવા વિસ્તારોમાં બાંધકામ પર નિયંત્રણ ના મૂકી શકીએ જ્યાં અચાનક પૂર (ફ્લેશ ફ્લડ)નું જોખમ વધારે હોય? શું સ્થાનિક લોકોને એવી ભાષામાં, એવી પદ્ધતિથી ચેતવણી આપી શકાય કે તેઓ થોડી જ મિનિટોમાં તેનો અર્થ સમજી શકે? શું આપત્તિ પછી બચાવકર્મીઓ પાસે એવા સાધનો અને વૈકલ્પિક માર્ગોની વ્યવસ્થા હોઈ શકે કે તૂટેલા પુલો અને બંધ રસ્તાઓ વચ્ચે પણ બચાવકાર્ય ચાલુ રહી શકે? આ બધા સવાલોના જવાબ 'હા' છે. અને એટલે જ આવી ઘટનાને માત્ર 'કુદરતનો કહેર' કહીને આગળ વધી જવું પૂરતું નથી.

હવામાન પરિવર્તન આ સમગ્ર પ્રશ્નને વધુ ગંભીર બનાવે છે. વૈજ્ઞાનિકો લાંબા સમયથી કહી રહ્યા છે કે હિમાલયના ગ્લેશિયરો ઝડપથી બદલાઈ રહ્યા છે અને વધતું તાપમાન ઊંચાઈવાળા વિસ્તારોમાં બરફ તથા જમીનને વધુ અસ્થિર બનાવી રહ્યું છે. નેપાળે ભૂતકાળમાં પણ ગ્લેશિયર અને ગ્લેશિયલ સરોવરો સાથે જોડાયેલી અચાનક પૂરની ઘટનાઓ જોઈ છે. તેનો અર્થ એવો નથી કે દરેક આપત્તિને સીધી રીતે હવામાન પરિવર્તનના ખાતામાં મૂકી દેવી જોઈએ. વિજ્ઞાનને આવી ઉતાવળ પસંદ નથી. પરંતુ એટલું ચોક્કસ સમજવું જરૂરી છે કે જે કુદરતી વ્યવસ્થાને આપણે વર્ષોથી સ્થિર માનીને બેઠા છીએ, તેમાં પરિવર્તન આવી રહ્યું છે. અને અહીંથી આપણી જવાબદારી શરૂ થાય છે.

પ્રકૃતિની શક્તિ સામે માણસનો અહંકાર હાસ્યાસ્પદ છે. પરંતુ પોતાની જવાબદારીમાંથી છટકી જવા માટે પ્રકૃતિનું નામ લેવું પણ એટલું જ ખતરનાક છે. 'આ તો કુદરત હતી. એને કોણ રોકી શકે?' આ વાક્ય સાંભળવામાં બહુ વાસ્તવિક લાગે છે, પરંતુ ઘણી વાર એ આપણને જવાબદારીમાંથી મુક્ત કરી દે છે.

કોઈ પુલ તૂટી પડવો કુદરતી ઘટનાનું પરિણામ હોઈ શકે. પરંતુ એ પુલ ક્યાં બાંધવામાં આવ્યો હતો? તેની ડિઝાઇન કેવી હતી? બાંધકામ કેટલું મજબૂત હતું? પૂર અને ભૂસ્ખલનના જોખમનું મૂલ્યાંકન કરવામાં આવ્યું હતું કે નહીં? આ બધા માનવસર્જિત પ્રશ્નો છે.

એટલે કુદરતી આપત્તિની અંદર પણ માનવીની નૈતિક જવાબદારી છુપાયેલી હોય છે. જે આજે આપણને કાયમી લાગે છે, તે ખરેખર કાયમી નથી. પહાડો પણ બદલાય છે. નદીઓ પણ પોતાનો માર્ગ બદલે છે. બરફ પીગળે છે. શહેરો ઉજડી શકે છે. અને માણસનું પોતાનું જીવન પણ એક ક્ષણમાં બદલાઈ શકે છે.

આપણે ગ્લેશિયરને આપણા આદેશથી ચલાવી શકતા નથી. પરંતુ આપણે આપણા શહેરો, આપણી નીતિઓ, આપણી ટેક્નોલોજી અને આપણી ચેતવણીની વ્યવસ્થાઓને વધુ સારી બનાવી શકીએ છીએ.

વધુ પડતો આત્મવિશ્વાસ આપણને પ્રકૃતિ સાથે ટકરાવ તરફ લઈ જાય છે. અને વધુ પડતો નિરાશાવાદ આપણને નિષ્ક્રિય બનાવી દે છે. આ બંનેની વચ્ચે એક ત્રીજી જગ્યા છે; વિનમ્રતા અને સક્રિયતાની જગ્યા.

આપણે જાણીએ છીએ કે બધું આપણા હાથમાં નથી. એટલે જે કંઈ આપણા હાથમાં છે તેને આપણે વધુ ગંભીરતાથી લઈએ. નેપાળની પહાડીઓમાંથી ધસમસીને નીચે આવેલું એ પાણી કદાચ આપણને આ બે વાતો એકસાથે શીખવે છે.

પહેલી; માણસ પ્રકૃતિનો માલિક નથી. અને બીજી; એટલા માટે જ માણસે પોતાના નિર્ણયોનો માલિક બનવું વધુ જરૂરી છે. પ્રકૃતિ સામે વિનમ્ર રહો. પરંતુ નિયતિ સામે ઘૂંટણ ન ટેકો.

કારણ કે વિનમ્રતા આપણને આપણી મર્યાદા બતાવે છે; જવાબદારી એ મર્યાદાની અંદર આપણે શું કરવાનું છે તે શીખવે છે.

# ચોમાસાના ત્રિવિધ તાપ

શાસ્ત્રોમાં ત્રિવિધના તાપની ઘણી વાત આવે છે.(શાસ્ત્રો એટલે શું એ પૂછીને કોઈને શરમાવવા નહીં, કારણ કે શાસ્ત્રો ટાંકવા માટે શાસ્ત્રો જાણવાની જરૂર હોતી નથી.) તેમાં શારીરિક, માનસિક, આધ્યાત્મક એવી બધી ઊચ્ચ વાતો હોય છે, પણ જુદા જુદા કાર્ડને જુદા જુદા ઠેકાણે લિન્ક કરાવવામાં, જુદી જુદી રદ થયેલી પરીક્ષાઓની નવેસરથી તૈયારી કરવામાં, અને સરકારની જુદી જુદી જાહેરાતોમાં બદલાતી જોગવાઈઓનું ધ્યાન રાખવામાં સામાન્ય માણસને ત્રિવિધના શાસ્ત્રોક્ત તાપ સુધી પહોંચવાનું ભાગ્યે જ થાય છે. અવેજીમાં, મોટા ભાગના



પામર મનુષ્યોને શરદી-ઉધરસ અને તાવ સ્વરૂપે એકસાથે ત્રિવિધના તાપની જોગવાઈ સુલભ બને છે.

મુશ્કેલીઓ વેઠનારાને અનુભવ હશે કે તે આવી ભલે વારાફરતી હોય, પણ એક વાર આવી ગયા પછી તેમનો આગમનનો ક્રમ ગૌણ બની જાય છે. એવી જ રીતે, આગળની ત્રણે બિમારીમાંથી શરીરના ગઢમાં પહેલું ગાબડું કોણે પાડ્યું, એ ગૌણ બની જાય છે. ગુજરાતનો-ભારતનો ઈતિહાસ વાંચનારને ખ્યાલ હોય છે કે ગઢમાં પહેલું ગાબડું મોટે ભાગે અંદરથી ફૂટેલો કોઈ માણસ જ પાડતો હોય છે. કેટલાક કિસ્સામાં એ 'નાક' હોય છે, તો કોઈ કિસ્સામાં 'ગળું'. તાવ તેમાં મોટે ભાગે મુખ્ય આક્રમણખોરને બદલે સાગરીતની ભૂમિકામાં હોય છે. એ જુદી વાત છે કે ઘણા કિસ્સામાં મુખ્ય વિલન કરતાં સાગરીતો વધારે આતંક મચાવે છે.

**બોલ્યું-ચાલ્યું માફ**
**ઉર્વિશ કોઠારી**

ત્રિવિધના તાપની શરૂઆત તો સામાન્ય જ હોય છે. જાહેરખબરોમાં જેને 'ગલેમેં ખીચખીચ' તરીકે વર્ણવવામાં આવે છે, તેવી લાગણીથી મામલો શરૂ થઈ શકે છે. તેના કારણે પહેલાં તો કોઈને એવી શંકા જાય કે આ રાજમાં લોકોને ખોંખારીને બોલવાની ટેવ છૂટી ગઈ છે, તેની કદાચ આડઅસર હશે. પણ જંતરમંતરનાં વિરોધ પ્રદર્શનો અને 56 ઈંચકા છોટા બંદરની નારાબાજી પછી હવે જાહેર જીવનમાંથી કમ સે કમ ખોંખારા ખાવાની ખોટ તો પુરાઈ છે. એટલે ગળામાં ખરખરી બાઝવા જેવી લાગણી શારીરિક હોવાની શંકા દૃઢ થાય છે. પણ માણસની પહેલી વૃત્તિ ગાફેલ રહેવાની અને છેવટે સૌ સારાં વાનાં થશે એવું માની લેવાની હોય છે. એવું ન હોત તો આ સરકાર એક એક કરીને લોકશાહી સંસ્થાઓને અને પ્રણાલીઓને નમાલી કરી શકી હોત? આ સરકારની જેમ ગળામાં બાઝેલી ખરખરી પણ છેક આટલો ખરાબ અંજામ આણશે, એવી ત્યારે કલ્પના હોતી નથી. બીજી બાજુ, કોરોના પછી ભારતમાં લોકશાહીના પ્રેમી કરતાં નાસના પ્રેમીઓની વસ્તી બહુ વધી ગઈ છે. એ લોકો કોઈ પણ રોગના ઈલાજ તરીકે નાસ લેવાનું સૂચવી શકે છે. (લોકલાગણી વિરુદ્ધ થઈ જાય અને તેને કોઈ રીતે કાબૂમાં લેવાની સંભાવના ન રહે ત્યારે કેટલાક શાસકોને 'નાસ' સેવો પડે છે, એટલે નાસી જવું પડે છે, તેની આ વાત નથી.)

નાસ-પતિઓની સલાહથી દોરવાઈને માણસ ગળાને નાસથી ઠેકાણે આણવા કોશિશ કરે છે, પણ તેનાથી ગળું સુધરવાને બદલે નાક બગડતું હોય એવું લાગે છે. તેના માટે નાસ નહીં, પણ અંદરનું કથળેલું તંત્ર જવાબદાર હોય છે, જે ધીમે ધીમે બીમારીને ગળાથી નાક સુધી ફેલાવે છે. પરિણામે, નાક પણ દદડવાના રવાડે ચડે છે. હવે ગળું તો નાકને ભદ્રંભદ્ર-અંબારામના અંદાજમાં કહી દે કે 'તું મારી ખરખરીનો શોક મુકી દે, હું તારા દદડવાનો શોક મુકી દઉં છું.' પણ તેનાથી દેહધારીની સમસ્યા ઉકલતી નથી. ઉપરથી એ બંનેની યુતિથી શરીરમાં તાવ ભરાય છે. તેના કારણે માણસને કોઈ એક સાથે ત્રણ બાજુથી ખેંચતું હોય એવી વિચિત્ર અનુભૂતિ થાય છે. ઘડીમાં લાગે છે કે નાકમાંથી વહેતો જલપ્રવાહ ડૂબાડે છે, તો ઘડીમાં થાય છે કે ના, ગળાનું આંતરિક દુઃખ ગંભીર છે. વળી એવું પણ થાય છે કે આ બંને તો ઠીક, શરીરને તોડવાનું કાવતરું તો તાવનું છે. વિચારનાર માણસને વળી પોતે ત્રણેમાંથી શાની ગંભીરતા વધારે છે તે ખાતરીથી નક્કી નહીં કરી શકવાની અનિર્ણાયકતા પણ પીડે છે.

**ચોમાસા જેવી સીઝનમાં શરદી-ખાંસી-તાવની જુગલબંદી આઇટી સેલ, ટ્રોલ અને ગોદી ચેનલો જેટલી સ્વાભાવિક હોવાથી, ડૉક્ટરને તેની નવાઈ લાગતી નથી**

ત્રિપાંખીયા હુમલાના મુકાબલમાં સૌથી પહેલું પગથિયું તકલીફના અને પરંપરાગત ઉપાયોથી મેળ નહીં આવે તેના સ્વીકારનું હોય છે. આખરે, ત્રણે બાજુની ભીંસ અસહ્ય થતાં ન છૂટકે ડૉક્ટરનું શરણું લેવાનું થાય છે. ચોમાસા જેવી સીઝનમાં શરદી-ખાંસી-તાવની જુગલબંદી આઈટી સેલ, ટ્રોલ અને ગોદી ચેનલો જેટલી સ્વાભાવિક હોવાથી, ડૉક્ટરને તેની નવાઈ લાગતી નથી. ભારે હૈયે ગયેલા દર્દીને તે આશ્વસ્ત કરે છે કે આજકાલ તો આમનો ઉપદ્રવ બહુ વકરેલો છે, એટલે તમને અત્યાર સુધી આવું થયું નહીં તેની નવાઈ લાગવી જોઈએ.

ડૉક્ટરની વાતથી દર્દીને રાહત તો નહીં, પણ આશ્વાસન જરૂર મળે છે. દવાખાનામાં પોતાની આસપાસ બેઠેલા બધા તેને ત્રિવિધ તાપથી ગ્રસ્ત અને સમદુઃખીયા લાગે છે. પોતે એકલો નથી, એ લાગણી તેનામાં પ્રતિકારની હામ પ્રેરે છે અને 'લાઈટ બધે ગઈ છે, એટલે હવે આવવી જોઈએ'– એવા ન્યૂટનના ચોથા નિયમ સમકક્ષ સિદ્ધાંતને અનુસરીને તે માને છે કે આટલા બધા લોકો ત્રિવિધ તાપથી પીડાતા હોય તો તે બધાનો સામટો (જીવતેજીવ( મોક્ષ પણ નક્કી હોવો જોઈએ. આમ તે દર્દી મટીને મોક્ષાર્થી બને છે, એટલે ત્રિવિધના તાપમાં તેને કંઈક શીતળતાનો અનુભવ થાય છે અને બાકીનું કામ ડૉક્ટરની દવા પૂરું કરે છે, તેમને ભલે તેનો જશ ન મળે.

## ઈશિતાનું અલકમલક

### સાઈકલ ચોર મચાવે શોર

થોડા સમય પહેલાં 'ઈશિતા'એ આ કોલમમાં તમને દેશ - વિદેશના અવનવા ચુંબનચોરના કેટલાક કિસ્સા સંભળાવ્યા હતા. (૨૮ જૂન ૨૦૨૬) આમ તો મહાનગરોમાં કાર- બાઈક કે પછી સ્કૂટર ચોરીના બનાવ સામાન્ય ગણાય. એ બધા વચ્ચે ગરીબોની એક માત્ર 'રોલ્સરોય' ગણાતી સાઈકલ ગુમ થાય કે એની તફડંચી થાય ત્યારે ખાસ ઊહાપોહ થતો નથી. પોલીસ સુદ્ધાં એવી ચોરી ગંભીરતાથી લેતી નથી. જો કે આમાં અપવાદરૂપ થોડા સમય પહેલાં અમેરિકામાં એવી કેટલીક ઘટના બની કે પબ્લિકથી માંડીને પોલીસ પણ એના વિશે વધુ સતેજ ને ચિંતિત થઈ છે. કેનેડા-વૉશિંગ્ટન સરહદ નજીક ૪૫-૫૦ હજારની વસતિ ધરાવતું બર્લિંગ્ટન નામનું એક ટાઉન છે. ત્યાં છેલ્લા કેટલાક મહિનાથી સામાન્યથી લઈને મોંઘી સ્પોર્ટ્સ સાઈકલો લગભગ રોજ ચોરાઈ રહી છે. ત્યાંની સ્થાનિક પ્રજાથી માંડીને પોલીસ સુદ્ધાં હેરાન -પરેશાન છે કારણ કે સાઈકલ ચોરીનો આંક વધી રહ્યો છે ને એને ચોરી જનારા અપરાધીઓ એવા 'નવ -દો -અગ્યારા' થઈ જાય છે કે પોલીસના હાથમાં નથી આવતા. આમાં નવાઈ પમાડે એવી વાત એ છે કે સાઈકલ ગમે તે સ્થળેથી ગુમ થાય ને પોલીસ ગુનેગારને ઝડપે એ પહેલાં જ ગણતરીના કલાકોમાં ચોરાયેલી સાઈકલ કોઈ પણ અવાવરુ સ્થળેથી રઝળતી પરત મળી આવે છે! અને અહીં વધારાની નવાઈ પમાડે એવી વાત એ છે કે આ રીતે તો કેટલાક લોકોની સાઈકલ સાત સાત વાર ચોરાઈને પાછી મળી આવે છે ને ફરી એની ઉઠાંતરી થાય. આ રીતે અત્યાર સુધીમાં ૩૦૦ થી વધુ સાઈક્લ ચોરાઈ છે, જેની અંદાજિત કિંમત રૂપિયા ત્રણેક કરોડથી વધુ છે. સાઈકલ ચોરને ઝબ્બે કરવામાં પોલીસદળ સરિયામ નિષ્ફળ નીવડ્યું હોવાથી આ ટાઉનના નાગરિકોએ ખુદ પોતાના આ વાહનના રક્ષક બનવું પડ્યું છે. લોકો પોતાની સાઈકલ પર હવે જી.પી.એસ. ટ્રેકર લગાવી રહ્યા છે જેથી પોતાનું વાહન કઈ દિશા- કયા વિસ્તારમાં જઈ રહ્યું છે એના પર નિગરાની રાખી શકાય. સાઈકલ ઉઠાવગીરોને ઝડપી લેવા અને ચોરાયેલી સાઈકલને પાછી મેળવવા લોકો 'વોટ્સ એપ' અને 'ફેસબુક' ગ્રુપ્સ બનાવી રહ્યા છે. આ બધા વચ્ચે, કેટલાક વરિષ્ઠ પોલીસ અફસરોનું એવું દૃઢ માનવું છે કે આ સાઈકલ ચોરી પાછળ ડ્રગ્સ માફિયાઓ છે, જે પોતાના નશાના બંધાણી એવા ગ્રાહકોને ડ્રગ્સ પહોંચાડવા માટેચોરેલી સાઈકલોનો ઉપયોગ કરે છે. નિયત સ્થળે ડ્રગ્સ પહોંચી જાય પછી આવા સપ્લાયર ચોરેલી સાઈકલ જ્યાંત્યાં રઝળતી મૂકી જાય છે માટે આવા લે-ભાગુ એકલદોકલ સાઈકલચોરને પકડવાને બદલે પોલીસે ડ્રગ્સ માફિયાની ટોળકીઓ પર કડક જાપ્તો રાખીને એને ઝબ્બે કરવી જોઈએ. પોલીસના એક તાજા સર્વેનું પણ એવું તારણ છે કે અમેરિકાનાં દસેક ટાઉનમાં જ્યાં ડ્રગ્સના બંધાણી વધુ છે ત્યાં આવા માફિયાનું જોર પણ વધ્યું છે ને પરિણામે ત્યાં સાઈક્લચોરી પણ વધી છે! હવે જોવાનું એ છે કે પોલીસ પોતે તપાસના એક્સ્ટ્રા પેડલ મારીને બાઈસિકલ થીફને ઝબ્બે કરે છે કે ડ્રગ્સ માફિયાવાળા સાઈકલચોર આ પકડા-પકડીના દાવમાં મેદાન મારી જાય છે.



### 'સરકારી જમાઈ'નું દુઃસપનું ...

પરણું પરણું થતાં હોય એવા આજના સંખ્યાબંધ યુવાનનાં મનમાં બે જ ખ્વાબ રમતાં હોય છે. એમની ઈચ્છા હોય છે કે એમને અભિનેત્રી ક્રિતી સેનન જેવી હોટ કન્યા પત્ની તરીકે મળે અને મુકેશ અંબાણીની સમકક્ષ ખડા રહી શકે એવા શ્વસુર મળે જે એને ઘરજમાઈ તરીકે દત્તક લઈ લે. આવી જ સમાંતર ઈચ્છા કેટલાક નોકરી વગર બેકાર યુવાનોમાં પણ હોય છે. એમનો ભાવિ સસરો એટલે 'સરકારી નોકરી'! જો એ મળી જાય તો એ 'સરકારી જમાઈ 'તરીકે લીલાલહેર કરી શકે. આવી મૃગજળ જેવી ઈચ્છા મહારાષ્ટ્ર- ભિવંડીનો એક યુવાન રમેશ(નામ બદલ્યું છે) ધરાવતો હતો. સારા માર્કસે ગ્રેજ્યુએટ પણ થયેલો. અનેક જગ્યાએ વિવિધ પોસ્ટ માટે ઈન્ટરવ્યૂ પણ આપ્યા પરંતુ લેડી લક એને હાથતાળી આપીને દર વખતે છટકી જતી હતી. છેવટે હારી -કંટાળીને એણે સરકારી કચેરીઓમાં એવી વ્યક્તિની શોધ આદરી જે અમુકતમુક રકમ લઈને પણ કોઈ પણ સરકારી જોબમાં એનો બેડો પાર ઉતારી દે. ખરા દિલથી ચાહો તો ઈચ્છિત વસ્તુ તમને ક્યાંયથી પણ મળી રહે. રમેશને એવી સરકાર કચેરીમાં સારા હોદ્દે જોબ કરતી એક એવી વ્યક્તિ મળી આવી જેણે રમેશને ખાતરી આપી કે એ ચોક્ક્સ ખર્ચ કરે તો આવી જોબ શક્ય છે. થોડી રકમનું 'રોકાણ' કરવા રમેશ તૈયાર હતો. પેલો સરકારી અધિકારી અને એના બે સહયોગીએ એમનું કામ શરૂ કર્યું અને છ મહિનામાં રાજ્ય સરકારના રેવન્યુ- ફોરેસ્ટ ડિપાર્ટમેન્ટમાં ટાઈપિસ્ટ તરીકેની જોબનો એપોઈન્ટ્મેન્ટ લેટર, રમેશના નામ-ફોટા સાથેનું આઈ કાર્ડ અને સરકારી સીલ -સહીઓ સાથે બીજા દસ્તાવેજ પણ મળી ગયા. રમેશ તો સાતમા આસમાને પહોંચી ગયો. એને થયું હવે તો 'સરકારી જમાઈ' તરીકે એની લાઈફ તો ઝિંગા લાલા બની જશે. જોબમાં જોડાવાની તારીખે રમેશ નિયત સરકારી વિભાગમાં પહોંચ્યો તો એના પર જાણે વીજળી ત્રાટકી : એને આપવામાં આવેલા દરેક ડોક્યુમેન્ટ્સ તો સહી - સીલ-સિક્કા સાથે સાવ નકલી હતા! આ દસ્તાવેજ મળ્યા એ ૬-૭ મહિના દરમિયાન રમેશ પેલા ત્રણ ઠગને વિવિધ તબક્કે ટુકડે ટુકડે આશરે રૂપિયા ૭૦ લાખ આપી ચૂકયો હતો! પેલા ત્રણ સામે પોલીસે રમેશની આ છેતરપંડીની ફરિયાદ નોંધીને કાર્યવાહી શરૂ કરી છે. એનું પરિણામ તો જે આવે તે પણ અહીં સહજ સવાલ એ થાય છે કે રમેશે જે ૭૦ લાખ જેટલી જંગી રકમ પેલી તિક્ક્ડમબાજ ત્રિપુટીને ચૂકવી એ આવી ક્યાંથી? અને ધારી લો કે એ રકમ ખુદ રમેશની હોય તો એનું યોગ્ય રોકાણ કરવાને બદલે એ આવી સરકારી જોબ પાછળ કેમ પડ્યો હતો? આનો જવાબ એક જ છે : લોભ અને બધાં જાણે છે કે 'જ્યાં લોભિયા હોય ત્યાં ધુતારા ભૂખે ન મરે!'




### ઈશિતાનું ઈત્યાદિ...ઈત્યાદિ

» ગયા અઠવાડિયે 'જવાબ તો વડા પ્રધાને પણ આપવો પડે' એ શીર્ષક સાથે વડા પ્રધાનના વિદેશ પ્રવાસના જંગી ખર્ચની વાત કરી. હવે 'જવાબ તો સાંસદોએ પણ આપવો પડે' એની વાત પણ કરી લઈએ.
થોડા દિવસ પહેલાં રાજકારણમાં ફેલાયેલા અપરાધીકરણ વિશે સુપ્રીમ કોર્ટને સોંપાયેલા એક રિપોર્ટ મુજબ કુલ ૭૮૮ સાંસદમાંથી ૩૨૬ (૪૧ %) સાંસદો સામે વિવિધ કોર્ટમાં ક્રિમિનલ કેસ ચાલી રહ્યા છે. એમાં ૨૮ રાજ્યમાં ૧૪ મુખ્ય મંત્રીઓ સામે ગંભીર ફોજદારી કેસ નોંધાયેલા છે. એમાં તેલંગાણાના મુખ્ય મંત્રી રેવંત રેડ્ડી વિરુદ્ધ સૌથી વધુ ૮૯ કેસ છે. ગુજરાતના પાંચ સાંસદ સામે અને કેરળમાં સૌથી વધુ ૧૯ સાંસદ વિરુદ્ધ કેસ બોલે છે. મેરા ભારત મહાન!

» આજકાલ દેશમાં 'જેન -ઝી'ની સમાંતરે મીઠી ખાંડની કડવી અછત અને વધતા જતા ભાવ ગરમાગરમ ચર્ચામાં છે ત્યારે 'જ્યોર્જ ટાઉન યુનિવર્સિટી ઓફ મેડિસિન'ની સંશોધન ટીમના તાજા સર્વેક્ષણનાં તારણ અનુસાર જેમ દારૂનું વધુ પડતું સેવન લિવરને જે રીતે નુકસાન પહોંચાડી શકે છે એવી જ હાનિકારક ખાંડ પુરવાર થઈ શકે. તારણ અનુસાર મહિલાએ રોજના ૨૫ અને પુરુષે ૩૬ ગ્રામથી વધુ શુગર ન ખાવી જોઈએ. બીજા શબ્દોમાં કહીએ તો મહિલાએ રોજની છ અને પુરુષે નવ ચમચી જ ખાંડ ખાવી જોઈએ.

### ઈશિતાની એલચી

**સમય કોઈનો સગો થતો નથી, પણ સગાં તો બધાં સમય જોઈને જ થાય છે!!**